મોટું વિચારો, ઝડપથી અમલમાં મૂકો, દુરંદેશી કેળવો... વિચારો ઉપર કોઇનો અધિકાર નથી
- ધીરૂભાઇ અંબાણી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૮૯ | ૯ જૂન, ૨૦૧૪, સોમવાર; જેઠ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે ગાંધીનગરમાં પ્રથમ મહિલા ખેડૂત સંમેલન

## પ્રથમવાર યોજાનારા મહિલા ખેડૂત સંમેલનમાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં કૃષિક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે મહિલાઓનું વિશેષ સન્માન થશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિરના નિર્માણ પછી અહિ પ્રથમવાર મહિલા સંમેલન રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ બન્યા બાદ યોજાઈ રહ્યુ છે.

છેલ્લા ત્રણ દિવસથી આ પ્રથમ મહિલા ખેડૂત સંમેલનને લઈ તંત્ર પણ તડામાર તૈયારીમાં લાગ્યુ છે. ગરમીનો પ્રકોપ હોવાને કારણે કોઈ અપ્રિય ઘટના ના બને તેની વિશેષ કાળજી લેવા માટે તંત્રએ પણ તૈયારીઓ કરી છે.

કૃષિ મહોત્સવના સમાપન સમારોપ નિમિત્તે યોજાયેલ આ મહિલા ખેડૂત સંમેલનમાં ૫ હજારથી વધુ મહિલાઓ ભાગ લેનાર છે. આ સંમેલનમાં પ્રગતિશીલ મહિલા ખેડૂતોના અનુભવોનું આદાન-પ્રદાન પણ થવાનુ છે.

આ ઉપરાંત આ મહિલા ખેડૂત સંમેલનમાં કૃષિક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર મહિલાઓનું વિશેષ સન્માન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવનાર છે.

સવારે નવ વાગે શરૂ થનાર આ મહિલા સંમેલનને લઈ કૃષિની નવી પદ્ધતિઓ અને તેની કેટલીક મહત્વની યોજનાઓની જાણકારી આપતુ નાનકડુ પ્રદર્શન પણ રાખવામાં આવ્યું છે.

મહિલા સંમેલનમાં મહિલા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત પણ મહિલાઓ દ્વારા જ પરંપરાગત રીતે કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. આ સંમેલનમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો પણ હાજર રહેવાના છે.

આ સંમેલનમાં રાજ્યભરના તમામ જિલ્લાઓમાંથી મહિલા પ્રતિનિધિઓ આવી રહ્યા હોવાથી વાહન પાર્કિંગની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે કૃષિક્ષેત્રમાં મહિલાઓનું યોગદાન વધે તે માટે તેમજ કૃષિક્ષેત્રમાં પશુપાલન ક્ષેત્રના વિકાસ પર પણ એટલો જ ભાર મુકવામાં આવે અને પશુપાલનની મહત્વની કામગીરી મહિલાઓ કરતી હોવાથી તેમને ઓછા વ્યાજે લોન ઉપલબ્ધ બને તે સહિતના મુદ્દાઓ રજુ થનાર છે.

વિધાનસભાનું બજેટ સત્ર મળવાનુ છે અને તેના પૂર્વે આ મહિલા સંમેલન એ વિરાટ નારીશક્તિનુંપ્રદર્શન બની રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

# ગુજરાતના પ્રશ્નો માટે મુખ્યમંત્રી આનંદીબેન પ્રધાનમંત્રીને મળશે

ગાંધીનગર, તા.૮

રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ અને નાણાંમંત્રી શ્રી સૌરભભાઈ પટેલ આ સપ્તાહમાં જ દેશના વડાપ્રધાન અને રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળવા દિલ્હી જઈ રહ્યા છે.

તેમની આ સૂચિત મુલાકાત અંગેનો તખ્તો તૈયાર થઈ ગયો હોવાનું સચિવાલયના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું છે.

રાજય સરકાર ૧લી જુલાઈએ રાજયનું સુધારેલું વર્ષ ૨૦૧૪-૧૫નું અંદાજપત્ર રજુ કરવા જઈ રહેલ છે તે પૂર્વ આ બંને નેતાઓની મુલાકાતને રાજકીય વર્તુળો અત્યંત મહત્વની લેખાવી રહ્યા છે. નાણામંત્રી શ્રી સૌરભ પટેલ કેન્દ્રીય નાણામંત્રી શ્રી અરૂણ જેટલીને પણ અલગથી મળનાર છે.

પ્રધાનમંત્રી શ્રી મોદી સાથે શ્રીમતી આનંદીબેન પટેલ મળી રાજયના પ્રશ્નો અંગે તેમની સાથે વાતચીત કરશે. ખાસ કરીને નર્મદા યોજનાના ગેટ મુકવા સહિતની બાબતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રોયલ્ટી તેમજ ગુજરાતને કોલસો સમયસર સારી ગુણવત્તાવાળો મળે તે પ્રશ્નો અંગે રજુઆત કરશે.

આ ઉપરાંત રાજયના અંદાજપત્રમાં સરકાર કેટલીક મહત્વની જાહેરાતો કરવાની ઈચ્છા રાખી રહી છે તેને લઈ પણ ચર્ચાઓ થશે. આ બેઠકમાં પક્ષના કેટલાક આગેવાનો તેમની પસંદગીને લઈ જે નારાજ થયેલા છે તે અંગેની રાજકીય ચર્ચાઓ પણ થશે તેમ મનાઈ રહ્યું છે.

જો કે શ્રીમતી આનંદીબેન પટેલે તાજેતરમાં અમદાવાદમાં સંઘ કાર્યાલયની મુલાકાત લીધી હતી. તેમજ મહિલા ખેડૂત સંમેલન થકી ખેડૂતોના પ્રશ્નો અંગે પણ સરકાર ચિંતીત છે તે દિશામાં થઈ રહેલી કામગીરીની વિગતો રજુ કરશે.

મળતી વિગતો પ્રમાણે સંસદના બજેટસત્ર પૂર્વે ગુજરાતને કેટલાક અન્યાયો જે કેન્દ્ર તરફથી થતા આવ્યા છે તેનો ઉકેલ આવે તે આ બેઠકનો મુખ્ય એજન્ડા હશે તેમ મનાઈ રહ્યું છે.


દુઃખાવાની સારવાર ઓપરેશન વગર
ડૉ. રાજીવ હર્ષે (એમ.ડી.) (મો.૯૮૨૫૨ ૫૨૧૦૦)
દુઃખાવાની સારવારના નિષ્ણાંત
'રિલીફ ' પેઈન કલીનીક
૨૬૯/૧, સે.૨/બી, ઘ-૦ બસ સ્ટેન્ડની પાછળ, ઘ રોડ, ગાંધીનગર.
કન્સલ્ટીંગ સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૫ થી ૮ ● કન્સલ્ટીંગ ફી : રૂા. ૩૦૦/-
નીચે પ્રકારના દરદીઓ માટે
● ઢીંચણનો દુઃખાવો ● કમરનો દુઃખાવો ● નસનો દુઃખાવો
● ખભાનો દુઃખાવો ● રાંઝણ / સાયેટીકા ● કેન્સરનો દુખાવો.





(તસવીર : કશ્યપ નિમાવત)



YOU HAVE THE POWER TO UNLEASH...
LET THE EXPERTS IGNITE IT FOR YOUR SUCCESS AT **TOP EDUCATION.**

TOP EDUCATION
GANDHINAGAR
AIM. ACT. ACHIEVE.

XII JEE Mains RESULTS




XII CBSE 2014 RESULTS




GUJCET RESULTS 2014




11th & 12th Weekend Batch

JEE (Mains)
(Eng. Med. / ગુજરાતી મીડીયમ)
ધોરણ - ૧૧ / ૧૨
JEE (Mains)
સ્ટડી મટીરીયલ્સ ગુજરાતી માં Available

Std. 11 Science (English Medium) માં કોઈપણ શાળામાં એડમીશન કન્ફર્મ કરાવ્યા પહેલા TOP EDUCATION ના ઈન્ટીગ્રેટેડ કોચિંગ પ્રોગ્રામ ને સમજવા રૂબરૂ મુલાકાત અવશ્ય કરો.

Contact Person : **Piyush Mittal (M) +91 8401554405**

TOP EDUCATION
GANDHINAGAR

Head Office :
TOP EDUCATIONAL CONSULTANT PVT. LTD.
Plot No. 719, District Shopping Center, 1st Floor, Sector 22, Gandhinagar.
Contact Numbers : **8401554405 | 079 232 41243**
E-mail : top.educational@yahoo.com | www.topeducation.org
New Branch :
Plot No. 876/1, Opp. GSPC Petrol Pump, Sector 6/C, Gandhinagar.
Contact Numbers : **9998536507 | 079 232 64022**

ADMISSIONS OPEN

| Course | Details | Designed For |
|---|---|---|
| Prarambh | VII Std. (GSEB) VIII Std. (CBSE/GSEB) | For VII & VIII Moving students |
| Prayas | IX Std. Board + Foundation | For IX Moving CBSE/ GSEB students |
| Aim | X Std. Board + Foundation | For X Moving CBSE/ GSEB students |
| Act | XI (Board + JEE Mains / AIPMT) | For XI Moving CBSE/ GSEB students |
| Act | XI JEE Main/ NEET Weekend Batch | For XI Moving CBSE/ GSEB students |
| Achieve | XII (Board + JEE Mains / AIPMT) | For XII Moving CBSE/ GSEB students |
| Achieve | XII JEE Main/ NEET Weekend Batch | For XII Moving CBSE/ GSEB students |

11th & 12th GSEB ( Eng. Med)
Integrated School Program
( Board + State and National Level Comp. Exam

Batches Starts from 9th June, 2014

X CBSE 2014 RESULTS




* School Admission Guidance
* Hostel Facility for Boys and Girls
* Transportation Available

for 9th & 10th Moving CBSE /GSEB (Eng. Med. Students)

9th & 10th Foundation NTSE NSTSE KVPY Olympiads